ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૯ ટકા

# શહેરમાં મોંઘવારીથી ગૃહિણીઓ પરેશાન

**શાકભાજી, કઠોળ, દાળ, લોટના ભાવમાં ભડકો : શાકભાજીના હોલસેલના ભાવમાં ઘટાડો નોંધાયો છે પણ રિટેઈલમાં ભાવ ડબલ થઈ ગયા છે**

## કઠોળ અને શાકભાજીના ભાવ

| | |
|---|---|
| સફેદ ચોળા | ૯૦ રૂ. |
| ઘઉં | ૨૭ રૂ. |
| તુવેર દાળ | ૧૦૫ રૂ. |
| અડદનીદાળ | ૧૧૦ રૂ. |
| ચણાની દાળ | ૭૫ રૂ. |
| કાબુલી ચણા | ૧૪૦ રૂ. |
| રાજમા | ૧૬૦ રૂ. |
| દેશી વટાણા | ૧૮૦ રૂ. |
| મગની દાળ (ફોતરાવાળી) | ૯૦ રૂ. |
| મોગર દાળ | ૧૦૦ રૂ. |
| મસુર દાળ | ૧૨૦ રૂ. |
| જુવાર | ૨૪ રૂ. |
| જીરાસર ચોખા | ૩૫ થી ૪૦ રૂ. |
| બાસમતી ચોખા | ૧૦૦ રૂ. |
| ઘઉંનો લોટ | ૩૫ રૂ. |
| બેસન | ૮૦ રૂ. |

| શાકભાજી | ભાવ પ્રતિ કિલો |
|---|---|
| ફુલાવર | ૧૦૦ રૂ. |
| વટાણા | ૧૬૦ રૂ. |
| મેથીની ભાજી | ૧૨૦ રૂ. |
| ગવાર | ૬૦ રૂ. |
| શિમલા મરચાં | ૧૦૦ રૂ. |
| સરગવો | ૮૦ રૂ. |
| ટામેટા | ૩૦ રૂ. |
| ટીંડોળા | ૬૦ રૂ. |
| રવૈયા | ૬૦ રૂ. |
| પરવર | ૬૦ રૂ. |
| પાલક | ૮૦ રૂ. |
| દેશી મરચાં | ૬૦ રૂ. |
| લસણ | ૧૨૦ રૂ. |
| લીંબુ | ૮૦ રૂ. |
| દુધી | ૪૦ રૂ. |
| ડુંગળી | ૩૦ રૂ. |
| દેશી કાકડી | ૫૦ રૂ. |
| ચોળી | ૮૦ રૂ. થી ૧૦૦ રૂ. |
| બીટ | ૪૦ રૂ. |
| ભીંડા | ૪૦ રૂ. |
| આદુ | ૮૦ રૂ. |
| બટાકા | ૨૦ રૂ. |
| કોબી | ૪૦ રૂ. |
| કોથમીર | ૧૦૦ રૂ. |
| ફુદીનો | ૧૦૦ રૂ. |
| લીલી ચા | ૫૦ રૂ. |



ગાંધીનગર, તા.૧૪

કોરોના પછીના મોંઘવારી કાળમાં લીલાં શાકભાજી અને કઠોળના ભાવ આસમાને પહોંચી ગયા છે. ભાવ નહોતા મળતા ત્યારે રસ્તામાં ફેંકી દેવામાં આવતું હતું તે ફુલાવર અત્યારે રૂ.૧૦૦નું કિલો વેચાઈ રહ્યું છે. મેથીની ભાજી રૂ. ૧૨૦ની કિલો અને લીલા વટાણા રૂ.૧૬૦ના કિલો વેચાય છે. રૂ. ૯૦ મગની દાળનો ભાવ થયો છે. બેસનના ભાવમાં ઘટાડો થયો છે પણ તેલના ભાવો આસમાને પહોંચી ગયા હોવાથી ફરસાણના ભાવોમાં અસહ્ય વધારો થયો છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિકારીઓ ગાઢ નિંદ્રામાં રહેતા હોવાથી છેલ્લા ઘણા સમયથી કેટલાક લેભાગુ તત્વો કઠોળ, ખાદ્યતેલ અને શાકભાજીમાં કૃત્રિમ ભાવ વધારો કરી રહ્યાં છે.

લીલા શાકભાજીના હોલસેલ ભાવમાં ઘટાડો નોંધાયો છે પણ રિટેઈલમાં ભાવ ડબલ થઈ ગયા છે. મેથીની ભાજી, ફુલાવર, ભીંડા, ગવાર, પરવર સહિતના શાકભાજીના ભાવો રૂ. ૮૦ થી રૂ. ૧૬૦ ચાલી રહ્યા છે. આ જ રીતે બેસન, દાળ, ચોખાના ભાવમાં વધારો નોંધાયો છે.

ચાની ચુસ્કી પણ મોંઘી બનવાના એંધાણ છે. ચા પત્તી, દૂધના ભાવ વધતા આગામી દિવસોમાં કટીંગ ચાના ભાવમાં પણ વધારો થઈ શકે છે. સારી કંપનીની ચા રૂ. ૪૫૦થી રૂ. ૪૯૦, ખાંડ રૂ. ૩૨ થી ૩૮ રૂપિયે કિલો છે.


## જે.એમ. ચૌધરી શાળામાં હિન્દી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૪

જે.એમ. ચૌધરી શાળામાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તમામ સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય ભાષાનો જ ઉપયોગ કર્યો હતો. આ કાર્યક્રમનું આયોજન સરોજબેને કર્યું હતું. શાળામાં આ પ્રસંગે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ હિન્દીમાં વકતવ્ય આપ્યું હતું.




રોટરી કલબ દ્વારા સેકટર-૧૨ની માધ્યમિક શાળા ખાતે ચોપડા વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રોટરી કલબના પ્રમુખ અમીબેન શાહ તથા ડાયરેટરશ્રી આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



ગણેશચતુર્થી નિમિત્તે સેકટર-૨૭ કોલોનીમાં ગણપતિદાદાની સ્થાપના વિશાલ હેમચંદ્ર થોરાત દ્વારા કરવામાં આવી હતી.

## સે-૧ ઉના છાપરાંમાં આપે પાણી પુરું પાડ્યું




ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં પાણીનો બે દિવસનો કાપ મુકાવાના પગલે સે-૧ ઉના છાપરાં વિસ્તારમાં પીવાના પાણીની બુમરાળ મચી જવા પામી હતી. સવારથી પીવાના પાણીની તંગીની ફરિયાદો ઉઠતા મનપાના વોર્ડ-૬ના આમ આદમી પાર્ટીના ઉમેદવારો દ્વારા ૬ ટેન્કર પાણી છાપરામાં પૂરું પાડવામાં આવ્યું હતું.

## સે-૩૦ની પ્રા.શાળાના બાળકોએ ગણેશજીની સુંદર મૂર્તિઓ બનાવી



ગાંધીનગર, તા.૧૪

ગણેશ ઉત્સવ એટલે ભક્તિ સાથે સર્જનાત્મકતા ખીલવવાનો ઉત્સવ. ગાંધીનગરના સેકટર-૩૦ની સરકારી પ્રાથમિક શાળામાં આજે શિક્ષણની સાથે તેમનામાં રહેલી સર્જનાત્મકતાને બહાર લાવવા સાથે ગણેશ ઉત્સવની ઉજવણીના ભાગરૂપે શાળાના વિદ્યાર્થીઓ માટે ગણપતિની મૂર્તિ બનાવવાનું તથા ગણેશજીના ચિત્ર દોરવાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાના ધોરણ-૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ ખૂબ જ રસપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ માટીમાંથી ગણેશજીની સુંદર ઈકોફ્રેન્ડલી મૂર્તિઓ બનાવી હતી વિદ્યાર્થીઓને શાળા સ્ટાફ તથા આચાર્ય કુમુદગૌરી ત્રિવેદી તરફથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ તેમના કળા કૌશલ્યનો ઉત્તરોત્તર વિકાસ કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.


## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગ દ્વારા અભિમુખતા કાર્યક્રમ ઉજવાયો



ગાંધીનગર, તા.૧૪

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગ દ્વારા પ્રથમ સત્રના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં અભિમુખતા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવ શ્રી ડૉ.અશોક એન. પ્રજાપતિ, સ્કૂલ ઓફ હ્યુમેનિટિઝના ડાયરેક્ટર શ્રી પ્રોફેસર બી.ડી. ઢીલા અને સમાજકાર્ય વિભાગના અધ્યક્ષ શ્રી રીના રાઓલ દ્વારા વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવવામાં આવી. ગાંધીનગરની 'સુઘડ' સંસ્થાના વિનય ત્રિવેદીએ સમાજકાર્ય વિષય પરત્વેની સંવેદના કેળવવાના વિષય પર વક્તવ્ય આપ્યું હતું. બનારસ યુનિવર્સિટીના સમાજકાર્યના બે વિદ્યાર્થીએ એમના અનુભવો જણાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહ સાથે જોડાયા હતા.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં હિન્દી સપ્તાહની ઉજવણી



આપણા ભારત દેશની શાન એવી હિન્દી ભાષાની ઉજવણીના ભાગરૂપે વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં હિન્દી સપ્તાહ ઉજવવામાં આવ્યું. જેમાં બાળકો દ્વારા સપ્તાહ દરમિયાન હિન્દીમાં જ એસેમ્બલી કરી અને હિન્દીમાં પ્રાર્થના, સુવિચાર, કવિતા, ન્યુઝ રીડિંગ, વાર્તા, સ્લોગન, પ્રતિજ્ઞા વગેરે કરાવવામાં આવ્યા હતા. સ્વચ્છતા ઉપર હિન્દીમાં સ્લોગન લખવાની સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. તેમજ હિન્દી કવિતા સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ પોતાની આગવી શૈલીમાં હિન્દીમાં કવિતાઓ રજૂ કરી હતી. અને મધુર ભાષા એવી હિન્દી ભાષા દિવસની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

## જન્મદિને વધામણી



ભાવના શુક્લ
લાયોનેસ કલબ



મિત્તલબેન
અશોકકુમાર ઠાકોર



રિશી પટેલ
મો. ૯૭૨૫૭ ૦૫૦૮૮



મયુરભાઈ પટેલ
પ્રમુખ, દસગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ



સ્વરા પંકજભાઈ પ્રજાપતિ
મો. ૯૯૭૯૦ ૩૩૩૬૬



આસ્થા રોનકકુમાર શર્મા
મો. ૯૬૨૪૯ ૧૯૧૯૭

## છેલ્લા બે દાયકાથી ગ્રંથાલયોમાં સ્ટાફની અછત

ગાંધીનગર, તા.૧૪

ગ્રંથપાલ બેરોજગાર મંચ દ્વારા ગ્રંથાલયોમાં સ્ટાફની ભરતી કરવા અંગે ઘણા સમયથી સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી રહી છે. છતાં આજ દિન સુધી એક પણ ગ્રંથપાલની ભરતી કરવામાં આવી નથી. છેલ્લા ૧૨૦ માસ અને ૧૦ વર્ષથી અવિરત ૭૫ આવેદનપત્ર શિક્ષણમંત્રી, મુખ્યમંત્રીને આપ્યા હોવા છતાં આ પ્રશ્નનો નિકાલ ન આવતા આગામી ૧૭ તારીખને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન અને વિશ્વ બેરોજગાર દિન નિમિત્તે ગુજરાતના બધા જ જિલ્લા, તાલુકા અને ગામના સભ્યો રામ ભગવાનના મંદિર સામે કાળા પોસ્ટર સાથે શાંતિપૂર્વક વિરોધ નોંધાવશે અને ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરથી નવા સચિવાલય સુધી દંડવત રેલી કાઢી મુખ્યમંત્રી અનેશિક્ષણમંત્રીને મહિલા ગ્રંથપાલો દ્વારા આવેદનપત્ર આપવામાં આવશે.

**● છેલ્લા બે દાયકાથી આ જગ્યાઓ ખાલી છે ●**

(૧) ગુજરાતની અનુદાનિત કોલેજમાં ગ્રંથપાલની ૩૫૭માંથી ૨૬૦ જગ્યા ખાલી.
(૨) સરકારી કોલેજમાં ૧૧૫માંથી ૫૭ જગ્યા ખાલી (૫૦%)
(૩) શાળા ગ્રંથાલયોમાં ૫૬૦૦ જગ્યા ખાલી
(૪) મેડિકલ કોલેજમાં ગ્રંથપાલની ૯૫ ટકા જગ્યા ખાલી.
(૫) એન્જિનીયરીંગ કોલેજમાં ૧૦૦ ટકા જગ્યા ખાલી.
(૬) આયુર્વેદની કોલેજમાં ૭૦ ટકા જગ્યા ખાલી.
(૭) જાહેર ગ્રંથાલયમાં ૮૦ ટકા જગ્યા ખાલી.
(૮) સેન્ટ્રલ લાયબ્રેરીમાં ગ્રંથાલય નિયામકની જગ્યા ખાલી.
(૯) દરેક સરકારી યુનિવર્સિટીમાં આસીસ્ટન્ટ લાયબ્રેરીયન અને ડેપ્યુટી લાયબ્રેરીયન અને ટેકનીકલ જગ્યાઓ ખાલી.

## સરસ્વતી વિદ્યાલયમાં હિન્દી દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૧૪

સરસ્વતી વિદ્યાલય સેકટર-૬માં ૧૪મીના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શિક્ષકોએ હિન્દી દિવસનું મહત્વ તેમજ હિન્દી દિવસ કેમ ઉજવાય છે તેના વિશે માહિતી આપી હતી. શાળાના વિદ્યાર્થીઓએ પ્રસંગોપાત વકતવ્ય આપ્યું હતું. હિન્દી દિવસ નિમિત્તે શૈક્ષણિક સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ શાળા સમય દરમિયાન હિન્દી ભાષામાં વાતચીતનો વ્યવહાર કર્યો હતો.

## જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન-૩ સીની પ્રથમ કાઉન્સીલ મીટીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૪

જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન ૩ સીના યુનિટ-૧ની પ્રથમ યુનીટ કાઉન્સીલ મીટીંગ ૧૧મીના રોજ યોજાઈ હતી. આ મીટીંગ વાસ્તુનિર્માણ સોસાયટી સે-૨૧માં જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર સાહેલીના પ્રમુખ સ્નેહાબેન પટેલના નિવાસસ્થાને યોજાઈ હતી. આ મીટીંગમાં ગાયત્રીબેન પટેલે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. જેમાં જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન ૩ સીના બ્રાન્ચ પ્રમુખ બી.એમ. પટેલ, ઉપપ્રમુખ સાંકાભાઈ પટેલ, ખજાનચી વસંતભાઈ પટેલ, ઓફિસર ડી.ટી. પટેલ, યુ.ડી. ગાયત્રીબેન, મેઈન ગૃપના પ્રમુખ વિકેશ પટેલ, સાહેલી પ્રમખ સ્નેહાબેન પટેલ તથા જાયન્ટસના અન્ય સભ્યોએ હાજરી આપી હતી.



## આજે સે-૧૨ ખાતે રામદેવપીર મહારાજના નેજા ચઢાવવાનો કાર્યક્રમ

**રામદેવપીર મહારાજને શ્રીકૃષ્ણ, વિષ્ણુ અવતાર માનવામાં આવે છે**

ગાંધીનગર, તા.૧૪

ભાદરવા સુદ નોમ નિમિત્તે સેકટર-૧૨ રામદેવપીર ધામમાં શ્રી રામદેવપીર મહારાજના નેજા (નિશાન) ચાવવાની પરંપરા ઘણા વર્ષોથી ચાલી રહી છે. શ્રી રામદેવપીર મહારાજના નેજા ચઢાવવાનો કાર્યક્રમ આજે સવારે ૧૦ થી ૧૨ કલાકે સેકટર-૧૨ સિવિલ કમ્પાઉન્ડ ખાતેથી વરઘોડો પ્રારંભ થશે જે શ્રી રામદેવપીર ધામમાં પહોંચશે. દર વર્ષે શ્રી રામદેવપીર મહારાજને નેજા વાવોલના વિક્રમસિંહ ગોલ દ્વારા ચઢાવવામાં આવે છે. આ વર્ષે પણ તેઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને રામદેવપીર મહારાજને નેજા ચઢાવશે. આ કાર્યક્રમ વર્ષે એક વખત આયોજિત કરવામાં આવે છે. જેમાં રામદેવપીર મહારાજના ભજન કીર્તન ગાઈને ભકતો દ્વારા ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. ગઈ કાલે રાત્રે ૯ વાગે શ્રી રામદેવપીર ધામમાં મંદિરના પૂજારી તથા સ્થાનિક ભાવિ ભકતો દ્વારા ભજન તથા સંતવાણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

રામદેવપીરનો જન્મ આજથી આશરે ૬૦૦ વર્ષ પહેલા રાજસ્થાનના બારમેર જિલ્લાના કાશ્મીર ગામમાં સંવત ૧૪૦૯ની ભાદરવા સુદ બીજને દિવસે થયો હતો. તેમની માતાનું નામ મિનલ દેવી અને પિતાનું નામ અજમલ રાય હતું. તેમના પિતા આ વિસ્તારના રાજા હતા. કાશ્મીર ગામ હાલમાં રામદેવરા તરીકે પણ ઓળખાય છે. રામદેવપીરને ભગવાન દ્વારકાધીશના અવતાર માનવામાં આવે છે. ખાસ કરીને રાજસ્થાન અને ગુજરાતમાં તેમના મંદિરો વધુ જોવા મળે છે અને આ બે રાજયોમાં તેમના અનુયાયીઓની સંખ્યા પણ વધુ છે. વિદેશોમાં પણ રામદેવપીરને કૃષ્ણ, રણછોડરાય, નિલકંઠજી કે કલ્કિ અવતાર માનનાર અનેક ભકતો છે. આજે પણ લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ-ભકતો તેમના મંદિરોમાં દર્શનાર્થે યાત્રા પ્રવાસ કરે છે. રામદેવપીરનું વ્રત-નોરતાં રાખે છે. નિજિયા ધર્મના સ્થાપક રામદેવપીર તેમના શૌર્ય, પરાક્રમ તથા પરચાઓથી ભકતોના હૃદયમાં નિવાસ કરે છે. હિન્દુ ધર્મમાં ભગવાન શ્રી કૃષ્ણનો અવતાર માને છે. પુત્રી શ્રી કૃષ્ણ જ બાબા રામદેવપીર તરીકે આ પૃથ્વી પર અવતર્યા હતા. તેમને ભગવાન વિષ્ણુનો અવતાર પણ માને છે. શ્રી રામદેવપીર મહારાજે ૧૪૫૯માં સમાધી લીધી હતી તે સમયે તેમની ઉંમર ૪૨ વર્ષની હતી. બાબાના ભકતો રામદેવપીરને ચોખા, શ્રીફળ, ચુરમુ, ગુગળ, ધુપ અને કપડાંના ઘોડા ચઢાવે છે. તેમની સમાધી રાજસ્થાનના રામદેવપરા પાસે આવેલી છે.